નં.ટીપીડી/આ/૫૧૯૬
તા.૧૮/૧૧/૨૦૧૪

પ્રતિ,
ઉપસચિવશ્રી,
શહેર વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ,
બ્લોક નં. ૧૪, નવા સચિવાલય,
ગાંધીનગર.

**વિષય :–** મુસદ્દારૂપ નગર રચના યોજના, સુરતનં.: ૮૬ (સરસાણા–ભીમરાડ–ખજોદ)નો મુસદ્દો પ્રસિધ્ધ કરવા બાબત.

**સંદર્ભ :–** આપશ્રીના ખાતાનો પત્ર ક્રમાંક : નરય–૧૪૨૦૧૪–૩૫૫૮–લ, તા.૧૪/૦૮/૨૦૧૪.
**અનું:–** (૧) અત્રેનો તા.૦૯–૦૬–૧૪ ના પત્ર નં. ટીપીડી/આ/૧૪૧૮.
(૨) અત્રેનો તા.૨૧-૦૭-૧૪ ના પત્ર નં. ટીપીડી/આ/૨૪૭૦.

મહોદય,

ઉપરોકત વિષય અંગે સંદર્ભ તથા અનુસંધાન અન્વયે સવિનય જણાવવાનું કે, નગર રચના યોજના, સુરત, નં. ૮૬ (સરસાણા–ભીમરાડ–ખજોદ) મુસદ્દો ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ તથા એમેન્ડમેન્ટ અધિનિયમ, ૧૯૯૯ ના કાયદાની કલમ–૪૨(૧) ની જોગવાઈઓને આધિન ઈરાદો જાહેર કર્યાના નવ માસમાં એટલે કે,તા.૧૭–૦૮–૨૦૧૪ પહેલાં પ્રસિધ્ધ કરવાનો થતો હતો. પરંતુ, સદરહુ સમયગાળા દરમ્યાન વહીવટી કારણોસર ઉકત નગર રચના યોજનાનો મુસદ્દો નિયત સમયમર્યાદામાં પ્રસિધ્ધ કરી શકાય તેમ ન હોવાથી સદરહુ નગર રચના યોજના સુરત, નં. ૮૬ (સરસાણા–ભીમરાડ–ખજોદ) નો મુસદ્દો તૈયાર કરવાની મુદત તા.૧૭–૦૮–૨૦૧૪ થી વધુ ત્રણ માસ એટલે કે, તા.૧૭–૧૧–૨૦૧૪ સુધી વધારી આપવા અંગે અનુસંધાન (૧) તથા (૨) હેઠળના અત્રેના પત્રથી વિદિત થઈ, આપના સંદર્ભ હેઠળના કચેરા હુકમથી તા.૧૭–૧૧–૨૦૧૪ સુધીમાં મુસદ્દો પ્રસિધ્ધ કરવા હુકમ કરેલ હતો. સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિની તા.૧૪–૧૧–૨૦૧૪ ના રોજ મળેલ સભાના ઠરાવ નં. ૩૭/૨૦૧૪ અન્વયે નગર રચના યોજના સુરત, નં. ૮૬ (સરસાણા–ભીમરાડ–ખજોદ) નો મુસદ્દો પ્રસિધ્ધ કરેલ છે તથા સરકારી અસાધારણ રાજયપત્રમાં તા.૧૫–૧૧–૨૦૧૪ ના રોજ તેમજ સ્થાનિક દૈનિક વર્તમાનપત્રો (૧) ગુજરાત સમાચાર તથા (૨) દિવ્ય ભાસ્કરમાં તા.૧૬–૧૧–૨૦૧૪ ના રોજ અધિસુચન પ્રસિધ્ધ કરવામાં આવેલ છે, જેની નકલ અવલોકન અર્થે સામેલ કરેલ છે. જે વિદિત થવા વિનંતી છે.

બિડાણ:– ઉપર મુજબ.

ડેપ્યુટી કમિશ્નર (પી.એન્ડ ડી.)
સુરત મહાનગરપાલિકા

નકલ સ.રવાના: સેકશન અધિકારીશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, બ્લોક નં:૧૪, નવમો માળ, સચિવાલય, ગાંધીનગર પ્રતિ ....બિડાણ સહિત જાણ સારૂ.

નકલ સ. રવાના : મુખ્ય નગર નિયોજકશ્રી નગર આયોજન અને મુલ્યાંકન ખાતુ, ગુજરાત રાજય, ગાંધીનગર, સેકટર–૧૦/એ, સેંટ ઝેવિયર્સ સ્કુલ સામે, ગાંધીનગર, પ્રતિ ....બિડાણ સહિત જાણ સારૂ.